Research Paper Sanskrit

# ઋગ્વેદકાલીન વર્ણવ્યવસ્થા

અરવિંદસિંહ જે. ઠાકોર

Sanskrit Department, Arts and Commerce College, Mota pondha

**KEYWORDS**

ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં વેદોનું સ્થાન અત્યંત ગૌરવ પૂર્ણ છે. ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને સભ્યતાનો મહેલ વેદોની આધારશિલા પર પ્રતિષ્ઠત છે. હિન્દુ આચાર–વિચાર, રહેણી–કરણી અને ધર્મ–કર્મને સારી રીતે સમજવા માટે વેદોનું જ્ઞાન અત્યંત જરૂરી છે.

વૈદિક સાહિત્ય આર્યોના સાંસ્કૃતિક જીવન અને હિન્દુ ધર્મ વિષેની માહિતી જોવા મળે છે. મજમુદારના મતે વૈદિક સાહિત્ય પ્રજાનું સૌથી વધુ પ્રાણવાન અને પ્રાચીન સાહિત્ય છે. અને તેથી વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં તેનું અનોખું સ્થાન છે.
હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિના મૂળમાં વેદો છે. વેદો ડકુકડશ્ન્ન – એટલે જાણવું એ સંસ્કૃત ધાતુ પરથી બનેલો શબ્દ છે. તેનો અર્થ જ્ઞાન એવો થાય છે. ઘણા હિન્દુઓ વેદોને ઈશ્વર પ્રેરિત ધર્મ ગ્રંથો માને છે. પંડિત નહેરુના મતે વેદો તત્કાલીન જ્ઞાનનો સંગ્રહ છે. તે સ્તુતિઓ, ઉપાસનાઓ, યજ્ઞની વિધિઓ, જાદુ અને પ્રકૃતિ સૌંદર્યના ભવ્ય કાવ્યનો શંભુમેળો છે. એમાં જીવન પ્રત્યેની નિષ્ઠ નજરે પડે છે. તે ખરેખર અસાધરણ છે. શરૂઆતમાં વેદ હતો ભગવાન વેદવ્યાસે તેની ચાર સંહિતાઓ બનાવી – ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ. આ ઉપરાંત દરેક વેદના બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો રચાયા. વેદ આદિત્યના કાવ્ય વિભાગને ઋચા અને ગધવિભાગને યજુસ કહે છે. વૈદિક સાહિત્યને ત્રણ યુગોમાં વહેંચવામાં આવે છે. (૧) સંહિતાનો યુગ, (૨) બ્રાહ્મણ ગ્રંથોનો યુગ (૩) ઉપનિષદો, આરણ્યકો અને સૂત્રોનો યુગ તરીકે ઓળાય છે.

ઋગ્વેદકાલીન સંસ્કૃતિનો પ્રાચીનતમ દસ્તાવેજ ઋગ્વેદ સંહિતા છે. તેમાં આર્યોના પ્રારંભિક જીવનના ધર્મ–કર્મ, માન્યતાઓ, રીતરિવાજો વગેરે જોવા મળે છે. આર્યપ્રજાના આગમન સાથે ભારતમાં આર્ય–સંસ્કૃતિનો પ્રસાર થયો પરિણામે ભિન્નતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું લક્ષણ છે. તત્કાલીન સંસ્કૃતિને આર્ય પ્રજાએ આત્મસાત કરી માનવ અસ્તિત્ત્વના મૂળ ઘ્યેયને ઉપનિષદોમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

આર્યોની સમાજ વ્યવસ્થા વર્ણપ્રધાન હોવાની સંભાવના છે. સમગ્ર સમાજ અને માનવજીવનમાં સમતુલન જળવાય રહે એવા ઉત્તમ હેતુને ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારોએ પ્રાચીનકાળથી જ સમાજ અને જીવનને ચાર વિભાગોમાં વિભક્ત કરી જે અનુક્રમે વર્ણ વ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થા તરીકે ઓળખાય છે. ગુણ અને કર્મ અનુસાર સમગ્ર સમાજને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા અને પ્રત્યેક વર્ણની ફરજો નક્કી કરવામાં આવી યજ્ઞ કરવો અને કરાવવો, દાન લેવું અને આપવું, વિધોપાસના કરવી અને કરાવવી વગેરે બ્રાહ્મણની ફરજો ગણાતી હતી સમાજનું રક્ષણ કરવું, દાન આપવું વગેરે ક્ષત્રિયની ફરજો ગણાતી હતી. ખેતી કરવી, વ્યાપાર કરવો, દાન આપવું વગેરે વૈશ્યની ફરજો ગણાતી અને સહેજ પણ ભેદભાવ રાખ્યાવગર સૌની સેવા કરવાનું કામ શુદ્રને ભાગે ફરજ રૂપે આવ્યું હતું.

ચારેય વર્ણોને એક જ શરીરના વિવિધ અવયવો તરીકે આલેખવામાં આવ્યા અર્થાત્ જેમ બધા જ અવયવો સ્વસ્થ અને તંદુરસ્ત હોય તો જ શરીર સારી રીતે કામ કરી શકે તેમ આ બધા જ વર્ણો સંપ સહકારથી વર્તે તો જ એક આદર્શ સમાજની રચના થઈ શકે એવી ઉત્તમ ભાવના રહેલી છે. ઋગ્વેદમાં વર્ણોનો સ્પષ્ટનિર્દેશ પુરુષ સૂક્ત (૧૦.૯૦.૧૨)માં મળે છે. પુરુષસૂક્તના ઋષિનારાયણ કહે છે કે —

બ્રાહ્મણોડસ્ય મુખમાસીદ્ બાહુ રાજન્યઃ કૃતઃ ।
ઉરુ તદસ્ય યદવૈશ્યઃ પદભયાં શૂદ્રો અજાયત્ ।।

આ વિરાટ પુરુષનું મુખ બ્રાહ્મણ હતો તેના બાહુઓથી ક્ષત્રિય થયો તેનો સાથળ વૈશ્ય હતો અને પગમાંથી શૂદ્ર જન્મ્યો.

અહીં વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ, હાથમાંથી ક્ષત્રિય, સાથળમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા. અહીં ઊંચનીચની ભાવનાનું નામ નિશાન જણાતુ નથી શ્રીમદ્ભગવદ્ગીતા કહે છે તેમ આ વિભાગો ગુણ અને કર્મ આધારે પાડવામાં આવ્યા છે. આમ પ્રાચીનકાળથી જ વર્ણવ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ણવ્યવસ્થાની જેમ જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થોને કેન્દ્રમાં રાખીને માનવજીવનને પણ ચાર આશ્રમોમાં વહેંચવામાં આવ્યા. આર્યોએ આશ્રમોની વ્યવસ્થા પણ મનુષ્ય સ્વભાવને ધીરે ધીરે સુધારવાના હેતુથી કરી છે. ડૉ. રાધાકૃષ્ણના મતે પ્રત્યેકનુ જીવન ચાર જુદી જુદી અવસ્થામાંથી પસાર થાય છે. તેને હિન્દુધર્મમાં આશ્રમ કહે છે. મનુષ્ય માત્રનું અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિ છે. આર્ય ઋષિઓએ મનુષ્ય સો વર્ષનું ગણીને ચાર સરખા ભાગ પાડયા. (૧) જીવનમાં ૧ થી ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ તેમાં વ્યક્તિએ ગુરુને ઘેર રહી તેમની સેવા કરી, ઈન્દ્રિયોને કાબૂમાં રાખી વિધા મેળવવાની રહેતી (૨) ૨૫ થી ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમ તેમાં વ્યક્તિએ લગ્ન કરી સાંસારિક જીવન જીવવાનું રહેતું. (૩) ૫૦ થી ૭૫ વર્ષ વાનપ્રસ્થાશ્રમ જેમાં વ્યક્તિએ ધીમે ધીમે સંસારની મોહમાયામાંથી મુક્ત થવાનું અને (૪) ૭૫ થી જીવનના અંત સુધી સંન્યાસ્તાશ્રમ – આમાં વ્યક્તિએ સર્વસ્વનો ત્યાગ કરીને મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાનો હોય છે.

આમ ચાર આશ્રમોની વ્યવસ્થા એ આર્યોની અનોખી કલ્પના છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે કે જેમ જંતુમાત્ર હવાને આધારે જીવે છે. તેમ સર્વ આશ્રમો ગૃહસ્થાશ્રમને આધારે નભે છે. એટલે કે અન્ય આશ્રમો ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ વધારે આંકવામાં આવે છે. તેને સમાજનો આધારસ્તંભ કહ્યો છે.

ઋગ્વેદના વરુણ દેવતાના સૂક્તોમાં અનેકવાર રાજન્ અને સમ્રાટ જેવા શબ્દો આવે છે. રાજા સમિતિનો અધ્યક્ષ ગણાતો હતો. ઋગ્વેદકામાં પિતૃપ્રધાન કુટુમ્બ વ્યવસ્થા હતી. પુત્ર પર પિતાની અબાધિત સત્તા હતી. કન્યાને પતિગૃહે સ્નેહની વૃદ્ધિ અને સારા સંતાનની પ્રાપ્તિના આશીર્વાદ અપાય છે. દામ્પત્ય જીવનની શુભભાવના કરતા કવિ કહે છે કે હે વસ્વધૂ ! તમે બંને અહીં રહો ક્યારેય અલગ ન થાવ. સંપૂર્ણ આયુષ્ય ભોગવો. ગૃહસ્થ ધમ૪ નિભાવતાં પુત્ર–પૌત્રાદિ સાથે રમતા, આનંદ પ્રમોદ કરતા જીવો.

તે સમયે સંયુક્ત કુટુમ્બ પ્રથા હશે. સ્ત્રીનો અંકુશ ઘર, ખેતમજૂર અને ગુલામો પર રહેતો તે પતિની સાથે બધી જ ધાર્મિક ક્રિયાઓમાં જોડાઈ જતી હતી. પુરુષ અને સ્ત્રી પોતપોતાની ઈચ્છા પ્રમાણેના જીવનસાથી શોધવા હકદાર ગણાતા. વિધવા વિવાહ પ્રસંગો પણ બનતા. આમ આર્ય પરિવારો સંયુક્ત રીતે જીવતા. ઋગ્વેદનો સંસ્કારી સમાજ સુખપૂર્વક જીવતો હશે. આર્યો આશાવાદી હતા. પ્રજા સુખાકારી એજ ઉપનિષદ્ના આધ્યાત્મિકવાદની ભૂમિકા બાંધી જીવન જીવતા હતા.

આમ ભારતના તત્ત્વજ્ઞાનમાંથી પંડિત નહેરુએ પંચશીલ અને સહઅસ્તિત્વના સિદ્ધાંતો જગતને આપ્યા છે જે તત્ત્વજ્ઞાનને અમૂલ્ય વારસો ભારતે જગતને આપ્યો છે. વેદકાલિન આર્ય–સંસ્કૃતિ ઘણી ઉચ્ચ અને સાત્વિક હતી તેનો શિક્ષણ સાહિત્ય અને તત્વજ્ઞાનના મંત્રોનો વારસો હજુ પણ ભારતમાં ટકેલો છે તેના આ ભવ્ય વારસાને લીધે જ વિશ્વમાં આ સંસ્કૃતિના ભારોભાર વખાણ થાય છે.

**સંદર્ભ ગ્રંથો : —**

૧. વૈદિક સાહિત્યનો ઈતિહાસ – (સરસ્વતી પુસ્તક ભંડાર)
૨. ઋગ્વેદ સંહિતા
૩. પ્રાચીન ભારતનો ઈતિહાસ – પ્રા. આર.સી. શાહ
૪. વૈદિક સંસ્કૃતિ ઔર સંસ્કૃત સાહિત્ય કા ઈતિહાસ – રામાનુજ તિવારી